# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-10-2024** **Morning : 7.10 to 7.20**

**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

**1)** દેશનાં અગ્રણી ઉદ્યોગપતિ સ્વર્ગસ્થ રતન ટાટાને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મુંબઇમાં શ્રધ્ધાંજલિ આપી

**2)** અમદાવાદમાં આવતી કાલથી 14 જાન્યુઆરી સુધી ચાલનારા શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભઃ

**3)** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ હવે  ધોરણ 12 સામાન્ય પ્રવાહની પરિક્ષા વર્ષમાં બે વાર લેશે

**4)** આજે નવરાત્રિના નવમા અને અંતિમ દિવસે મા દુર્ગાના સિદ્ધિ દાત્રી  દેવીની આરાધનાનો મહિમા

**5)** વરસાદને કારણે ગરબા આયોજન પર પાણી ફરી વળ્યું: હજુ ત્રણ દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

----------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# TATA SHARDHANJALI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે મુંબઇમાં ટાટા ગ્રૂપના વડા રતન ટાટાના અંતિમ દર્શન કર્યા હતા.

મુખ્યમંત્રીએ રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવતા કહ્યું કે, ભારતે સાચા અર્થમાં રતન ગુમાવ્યું છે. તેમના અવસાનથી દેશને ક્યારેય પૂરી ન શકાય તેવી ખોટ પડી છે. શ્રી રતન ટાટાએ સમગ્ર વિશ્વમાં ઔધોગિક ક્ષેત્રે દેશને ગૌરવ અપાવ્યું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

રાજ્ય સરકારે રતન ટાટાના નિધન અંગે ગઈકાલે એક દિવસ માટે શોક પાળવામાં આવ્યો હતો. જેમાં તમામ જાહેર અને સરકારી કાર્યક્રમો રદ કરવામાં આવ્યાં હતાં. સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે રતન ટાટાના નિધન અંગે શોક વ્યક્ત કરતા કહ્યું હતું કે ઔધોગિક ક્ષેત્રે દેશને નામના અપાવનાર વ્યક્તિ દેશે ગુમાવ્યા છે..

---

- રીપીટ

# VIKAS SAPTAAH-DIST

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગ સ્વરૂપે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાની શાળાઓમાં 'ગુજરાતની વિકાસગાથા' વિષય પર આધારિત ક્વિઝ કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્વિઝ કાર્યક્રમમાં જિલ્લાની ૩૪૮ શાળાઓમાં ૫ હજાર ૨૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શાળાના બાળકોને ગુજરાતની વિકાસગાથા પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સાથે જ, જિલ્લાની શાળાઓમાં ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર સમા ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા કાર્યક્રમમાં ૫૬૩ શાળાઓમાં અંદાજિત ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વડોદરા જિલ્લા વિકાસ અધિકારી તથા જિલ્લા આયુર્વેદ અધિકારીનાં માર્ગદર્શનમાં વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત આજે તમામ ૩૬ દવાખાનાઓના વિસ્તારમાં ૩૬ આયુષ નિદાન-સારવાર કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયુષ કેમ્પોમાં આયુર્વેદ – હોમિયોપેથી પધ્ધતિથી નિદાન-સારવાર ઉપરાંત યોગ પરિચય – નિદર્શન – આયુષના સિંધ્ધાતોની સમજ માર્ગદર્શન તજજ્ઞ તબીબી ટીમ દ્વારા આપવામાં આવશે.

-------------------------------------------------------------------

- યાદી, હર્ષ

-(NAVIN)

# MAHISAGAR-VIKAS PADYATRA CANCELLED

વરિષ્ઠ ઔદ્યોગિક અગ્રણી સ્વર્ગસ્થ શ્રી રતન ટાટાના અવસાન અંગે રાજ્યમાં શોક જાહેર કરાયા બાદ મહીસાગર જીલ્લામાં બાલાસિનોર તાલુકાનાં રૈયોલી ખાતે આયોજિત વિકાસ પદયાત્રાનો કાર્યક્રમ રદ જાહેર કરવામાં આવ્યો હતો.

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ અશ્વિન પંડયા જણાવે છે કે સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર, રાજકીય આગેવાનો અને નાગરિકોએ મૌન પાળ્યું હતું અને શ્રી ટાટાને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી મહીસાગર, હર્ષ

-(NAVIN)

# SEVA PAKHAVADA

સેવા પખવાડા' અંતર્ગત સુરતની નર્મદ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં માંડવી હાઈસ્કુલ ખાતે તાપીવન ગ્રામ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ તથા સંબંધિત વિભાગ દ્વારા સાંસદ પ્રભુ વસાવાના અધ્યક્ષસ્થાને ટ્રાફિક જાગૃત્તિ તથા ફુડ સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો.

---------------------------------------------------------------------

- માહિતી, અનિલ પટેલ -(NAVIN)

## AHMEDABAD SHOPPING FESTIVAL

સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માના હસ્તે ગઈકાલે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫નો લોગો, ટીઝર અને વેબસાઇટ લોન્ચ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આવતીકાલે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલને ખુલ્લો મુકાશે. જે ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે.

આ અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપતા મંત્રી જગદીશ  વિશ્વકર્મએ જણાવ્યું કે, આ ફેસ્ટિવલ ૪ મુખ્ય શોપિંગ સ્થળો ખાતે યોજાશે.

(બાઇટ જગદીશ વિશ્વકર્મા)

---------------------------------------------------------------------

- માહિતી, હર્ષલ પંડયા, નવીન

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# DAMAN FIRE SAFTY

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પ્રવેગ ટેન્ટ સિટીમાં ફાયર સેફ્ટી જાગરૂકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ન્યુ અગ્નિશમન વિભાગના અધિકારીઓ દ્વારા અગ્નિશમન સાધનોની માહિતી આપવામાં આવી હતી. તથા અગ્નિશામક અધિકારી સુમન પટેલે શપથ લેવડાવવામાં આવી હતી. પ્રા - વેજ ટેન્ટ સિટી ના કર્મચારીઓ સાથે ડેમો પણ કરવામાં આવ્યું.

## બાઈટ સુમન પટેલ (ફાયર ઓફિસર)

---------------------------------------------------------------------

- પ્રદીપ ભાવસાર

દમણ -(NAVIN)

# STD 10-12 EXAM

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે મહત્વની જાહેરાત કરાઈ છે.

જે મુજબ આ વર્ષથી ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની જેમ ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષા વર્ષમાં બે વાર લેવાશે.

ગત વર્ષે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં બેસ્ટ ઓફ ટુ ની પદ્ધતિ લાગુ કરાયા બાદ હવે ધોરણ 10 અને 12 સામાન્ય પ્રવાહમાં પણ આ પદ્ધતિ મુજબ વિદ્યાર્થીઓને પુરક પરીક્ષામાં પરિણામ સુધારવાની તક મળશે.

નવી જોગવાઈ મુજબ ધોરણ 10 અને ધોરણ 12ના તમામ પ્રવાહના વિદ્યાર્થીઓના મુખ્ય પરીક્ષા અને પુરક પરીક્ષાના પરીણામમાંથી જે પરીણામ શ્રેષ્ઠ હશે તેને ધ્યાનમાં લેવાશે.

---------------------------------------------------------------------

- ડેસ્ક – હર્ષ -(NAVIN)

# Navratri 9TH DAY

આજે નવરાત્રિનો નવમો અને અંતિમ દિવસ છે. નવમાં નોરતે માં દુર્ગાના સિદ્ધ દાત્રી દેવીની આરાધનાનો મહિમા છે. માં સિદ્ધ દાત્રી અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ અને વિશિત્વ આઠ પ્રકારની સિદ્ધિઓના દાતા છે. તેમનું વાહન સિંહ છે.

ઝાલાવાડના સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા ખાતે ગઇ કાલે હવાનાષ્ટમી નિમિત્તે ડુંગર ઉપર હવનનું આયોજન થયું હતું. મહંત પરિવાર દ્વારા આયોજિત હવનમાં ભૂદેવોએ શાસ્ત્રોક્ત વિધિથી હવન કરાવ્યો હતો. બીડું હોમાયા બાદ મંદિર ટ્રસ્ટ દ્વારા ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. અષ્ટમી નિમિત્તે ભક્તોએ મોટી સંખ્યામાં માતા ચામુંડાના દર્શન કર્યા હતા.

કચ્છના પ્રસિદ્ધ માતાના મઢ ખાતે મંદિરની યજ્ઞશાળા ખાતે મઢ જાગીરના અધ્યક્ષ યોગેન્દ્ર સિંહજી રાજા બાવાના હસ્તે હવન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ પરિવાર સહિત મંદિરના ટ્રસ્ટી તથા ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------

- આર્કાઇવિઝ, -પીટીસી સુરેન્દ્રનગર અને કચ્છ અનિલ

-(NAVIN)

# FOOD SAFETY DRIVE - PATAN

નવરાત્રી તથા દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી પાટણ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરી દ્વારા ખોરાક સુરક્ષા ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. જેનો હેતુ તહેવારો દરમિયાન લોકોને સ્વચ્છ અને સુરક્ષિત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ કરાવવાનો છે.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે આ ઝૂંબેશ હેઠળ દૂધ અને દૂધનાં ઉત્પાદનો, મીઠો માવો અને બરફી, ખાદ્યતેલ સહિતના ખાદ્ય પદાર્થોની વિશિષ્ટ ચકાસણી હાથ ધરવામાં આવી છે. પાટણ જિલ્લામાંથી આ વિશેષ ઝુંબેશના ભાગરૂપે છેલ્લા અઠવાડિયામાં કુલ 23 એન્ફોર્સમેન્ટ નમૂનાઓ અને 46 સર્વેલન્સ નમૂનાઓ લેવામાં આવ્યા છે. ઉપરાંત, 32 વિવિધ પેઢીઓની ચકાસણી કરવામાં આવી છે. આ ઉપરાંત ઔષધ નિયમન તંત્રની કચેરી, દ્વારા પાટણ અને સિદ્ધપુરમાં ખોરાક વેચાણકર્તાઓ માટે નોંધણી અને લાયસન્સ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ 29 ખોરાક વેચાણકર્તાઓને લાઇસન્સ જારી કરવામાં આવ્યા છે.

---

- પીટીસી પાટણ, હર્ષ

-(NAVIN)

# Rain Gujarat

નવરાત્રિના આઠમા નોરતે ગઇ કાલે રાજ્યનાં અનેક જિલ્લામાં વરસાદ પડતાં ખેલૈયાઓનાં રંગમાં ભંગ પડ્યો હતો. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન, ગાંધીનગરની યાદી પ્રમાણે ગઈ કાલે સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી રાજ્યનાં 45 તાલુકામાં વરસાદી ઝાપટાં પડ્યાં હતા. ખાસ કરીને સાંજનાં સમયે વરસાદ પડતાં ગરબાનાં સ્થળોએ પાણી ભરાઈ જતાં અનેક સ્થળોએ ગરબાનું આયોજન થઈ શક્યું નહોતું. સૌથી વધુ અઢી ઇંચ વરસાદ ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકામાં પડ્યો હતો. જ્યારે ગણદેવી તાલુકામાં પોણા બે ઇંચ, સુત્રાપાડા તાલુકામાં સવા ઇંચ અને ચીખલી, ખેરગામ, ભાવનગરના મહુઆ, સુરતના મહુઆ અને પલસાણા તાલુકામાં એક એક ઇંચ વરસાદ પડ્યો હતો.

અમારા ભાવનગરના પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ભાવનગરમાં બુધવારે રાત્રે અચાનક ભારે પવન ફુંકાતા શહેરના જવાહર મેદાનમાં રાજપથ નવરાત્રી કાર્યક્રમમાં ડોમમાંથી લોખંડની ગ્રીલ પડતા બે ખેલૈયાઓને ઇજા પહોંચી હતી. ગઇ કાલે સમગ્ર જિલ્લામાં છૂટોછવાયો વરસાદ પડ્યો છે.

અમારા તાપી જિલ્લાના પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, વાલોડ તાલુકામાં ભારે પવન સાથે વરસાદી માહોલ વચ્ચે મંડપ ધરાશાયી થતાં નવરાત્રિનાં આયોજકો અને ખેલૈયાઓ નિરાશ થયા હતા.

અમારા દીવના પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે, દીવ ખાતે ગઈ કાલે સવારથી જ વાદળછાયું વાતાવરણ હતું. બપોર બાદ ધોધમાર વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

અમારા વલસાડના પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે, શહેર સહિત સમગ્ર જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ પડતાં ઊભા પાકને ભારે નુકસાન થવાથી

ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે. ખાસ કરીને ડાંગર, નાગલી, વરઈનાં ઉભો પાક જમીનદોસ્ત થઈ ગયો છે. કપરાડા તાલુકાના દાબખલ, સુથારપાડા સહિત સરહદની વિસ્તારમાં ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડ્યો હતો. જિલ્લામાં સર્વત્ર વરસાદને લઈ ગરબા મહોત્સવ પર પર પણ અસર પડી હતી.

અમદાવાદમાં પણ ગઇ સાંજે અનેક વિસ્તારોમાં ઝરમર ઝરમર વરસાદ વરસતાં આયોજકોમાં દોડધામ મચી ગઈ હતી. રાત્રે ગરબા શરૂ થવાનાં સમયે જ વરસાદ શરૂ થતાં એસજી હાઇવે, વૈષ્ણોદેવી, સરખેજ, એસપી રિંગ રોડ, મણિનગર સહિતનાં પૂર્વનાં વિસ્તારોમાં ગરબાનાં મેદાન પર પાણી ફરી વળ્યું હતું. જોકે, ઘણાં સ્થળોએ ખૈલૈયાઓએ વરસતા વરસાદમાં ગરબાની મજા માણી હતી.

દરમિયાન, હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ માટે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં મોટાં ભાગનાં જિલ્લામાં છુટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આ દરમિયાન સપાટી પર પવનની ગતિ પ્રતિ કલાક 30થી 40 કિલોમીટરની રહેશે.

------------------------------------------------------------------

- -યાદી, ડેસ્ક, પીટીસી ભાવનગર, દીવ, તાપી, વલસાડ અનિલ

-(NAVIN)